# હા... સાહેબ !

"અરે..! એકદમ..?!"

"તમને શું આંચકો આવ્યો..?!"

"આંચકો જ આવે ને યાર..?! જે મહાનુભાવ છ મહિના પહેલાં રાજ્યપાલ પદ માટે ધરાર ના પાડતા'તા... એ અચાનક રાજ્યપાલ બની ગયા..?!"

"હં...હં... આનંદીબેનની વાત કરો છો..?! આનંદીબેનની શક્તિઓનો દેશના વિકાસમાં અને વ્યવસ્થામાં ઉપયોગ તો કરવો જ પડે ને..?! એ તો ના પાડે..! પણ કેન્દ્ર સરકાર તો સમજે ને ?! કોને શું કામગીરી આપવી જોઈએ..?"

"એમ..! છ મહિના પછી પડી એમ..?! કે ભાજપના ડખા જોઈને પડી..?! કે અમિતભાઈની જીદના લીધે પડી..?!"

"જે હોય તે..! તમે તમારે વિશ્લેષણ કરે જ રાખો..! એનાથી સ્થિતિમાં કંઈ જ ફરક નથી પડતો..! અમે તો ગૌરવ લઈએ છીએ કે ગુજરાતની એક ખેડૂત દિકરી દેશના હાર્દ સમા મધ્યપ્રદેશના રાજ્યપાલ પદે બિરાજમાન થશે..!"

"પણ એમાં તો ખુશ થવાની જ વાત છે ને ?!"

"... પણ ને બણ..! રોજ તમે પણ પણ કરીને ઘટનાનું પોસ્ટમોર્ટમ કરો છો..!"

"હાસ્તો..! એ તો અમારૂ કામ છે..! અને એટલે જ તમને પુછુ છુ આજે... ખેડૂતોની દિકરી-વહીવટીય ક્ષમતા - કાર્યકુશળતા જેવા સોહામણા શબ્દો આજે બોલો છો... તો અધવચ્ચથી રાજીનામુ કેમ અપાવ્યું..?! ટર્મ પુરી કરવા કેમ ન દીધી..? હવે ઠાવકાઈ બતાવો છો..!?!"

"ભાઈ આ તો રાજકારણ છે રાજકારણ..! રાજકારણમાં તો આમ જ હોય..! ગઈકાલે પણ આમ જ હતું... આજે પણ આમ છે ને આવતીકાલે પણ આમ જ રહેશે..!"

"એ જ બીબા ઢાળ..! સ્હેજેય બદલાવ નહીં લાવવાનો ?! તોડો-ફોડો-કાપોની જ નીતિ... દગા-ફટકાની નીતિ... પાડવા-પછાડવાની નીતિ... અભી બોલા - અભી ફોકની નીતિ... શરમ કરો હવે... શરમ કરો..!!"

"જેને જેને શરમ આવતી હોય તેણે રાજકારણમાં તો આવવું જ નહીં..! અહીંયા તો જાડી ચામડીવાળાનું જ કામ..! સારૂ, જુઠ્ઠુ બોલતા આવડતું હોય એમનું જ કામ..! ઘડીના છઠ્ઠા ભાગમાં વાત અને ભાવ બદલાતા આવડતા હોય તેમનું જ કામ છે..! અહીં વેવલાઈ ના ચાલે..!!"

"બસ આ જ દુઃખ છે..! સચ્ચાઈને તમે વેવલાઈ ગણો છો..! છેતરામણીને તમે હોંશિયારી ગણો છો... અને દંભ-દેખાડાને તમે બહાદુરી ગણો છો.. કાપાકાપીને તમે ચતુરાઈ ગણો છો... અને ભ્રષ્ટાચારને તમે શિષ્ટાચાર ગણો છો..!! ના ચાલે આવું જ રાજકારણ..!"

"તો શું કરીશુ ?! તમે કહેશો એટલે બદલાઈ જશે..?!"

"હું કહું એટલે નહી - તમે કહો એટલે નહીં... સમયની માંગ છે... રાજકારણે રૂપ અને સ્વરૂપ બન્ને બદલવું પડશે..! નવી પેઢી -

● અનુસંધાન પાન-૭ પર





પદવીદાન - ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમવખત દેશના રાષ્ટ્રપતિના વરદ હસ્તે પદવીદાન કરાયું... ગુજરાત યુનિવર્સિટીના ૬૬માં પદવીદાન સમારોહમાં નામદાર રાષ્ટ્રપતિ રામનામ કોવિંદના વરદ હસ્તે ૧૩૫ તેજસ્વી વિદ્યાર્થીઓને ૨૪૨ ચંદ્રકો એનાયાત કરાયા હતા... આ પ્રસંગે નામદાર રાષ્ટ્રપતિએ લક્ષ્ય નિર્ધારિત કરી ઈમાનદારીથી પ્રયત્ન કરશો તો પ્રયાસ કદાપી નિરર્થક નહીં જાય એવી શીખ આપી હતી... આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા....

# જિલ્લામાં મહેસુલી વેરાની અસરકારક વસુલી માટે તાકીદ

## ૯મી ફેબ્રુ.ના રોજ પ્રાંતવાઈઝ તલાટી કમ મંત્રીઓની બેઠક લેવાશે : પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામો સમય મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા જિલ્લા વિકાસ અધિકારીની કડક તાકિદ

ગાંધીનગર, તા. ૨૧

મહેસુલી વેરાની વસુલી પર પુરતુ ધ્યાન આપવા તેમજ લોકલ ફંડ શેષની દરખાસ્ત પણ સમયસર મોકલી આપવાની કડક તાકીદ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ તમામ તાલુકા વિકાસ અધિકારીઓને કરી છે.

માસિક રિવ્યુ બેઠકમાં તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજનાના અમલીકરણમાં આવેલ ઉદાસીનતા સામે પણ નારાજગી વ્યકત કરી જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનો ધાબાવાળા બનવા જોઈએ એટલુ જ નહિ આ આવાસોમાં શૌચાલયોની સુવિધા પણ ઉપલબ્ધ છે કે નહિ તેની ચકાસણી પછી જ ચોથા હપ્તાની ચુકવણી કરવી.

જિલ્લા વિકાસ અધિકારીએ પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામો તેની સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે માટે નિયમિત મોનીટરીંગ કરવાની પણ ટકોર તાલુકા વિકાસ અધિકારીઓને કરી હતી.

ગામતળની જમીનના દબાણો પણ સત્વરે દૂર થાય તે જોવા તેમણે આગ્રહ કર્યો હતો. આ ઉપરાંત જે ગામોમાં ગામતળ કે ગૌચરની જમીન ના હોય તે અંગેની દરખાસ્તો સક્ષમ અધિકારી સમક્ષ તાત્કાલિક મોકલી આપવા સૂચવ્યુ હતુ.

પ્લોટ વિહોણા ગરીબ લોકો અંગે તલાટી કમ મંત્રીઓ પાસેથી પ્રમાણપત્ર લીધા બાદ તે અંગેનો અહેવાલ રજુ કરવામાં આવે તેવી પણ સૂચના તેમણે આપતાં જણાવ્યું હતુ કે આગામી ૯મી ફેબ્રુઆરીના રોજ તેઓ તલાટી કમ મંત્રીઓની પ્રાંત વાઈઝ બેઠકો લેશે.

તેમણે મહેસુલી વેરાની વસુલાત લક્ષ્યાંક પ્રમાણે થાય તે માટે આગોતરૂ આયોજન કરવાનો

● અનુસંધાન પાન-૭ પર

# ઠંડીની ઋતુનો વિચિત્ર મિજાજ દિવસે ગરમી અને રાત્રે ઠંડી

## એક દિવસમાં ત્રણ ડિગ્રી ઘટી : મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં બવેડા તફાવતથી બેવડી ઋતુનો અનુભવ કરતા નગરજનો

ગાંધીનગર તા ૨૧

શહેરમાં વળતા શિયાળે ઠંડીનુ જોર હળવુ થઈ ગયુ છે. જો કે ઠંડીનુ પ્રમાણ ઘટવાની સાથે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન પણ વધતા નગરજનો દિવસે ગરમીનો અહેસાસ કરી રહયા છે. બે દિવસ અગાઉ ઠંડીનો આકરો મિજાજ જોવા મળ્યો હતો. પરંતુ આજે પણ ઠંડીનો પારો ૧૪ ડીગ્રીએ રહયો હતો. જયારે મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રી રહેતા દિવસનો તાપ આકરો બન્યો હતો. રાત્રિના ગુલાબી ઠંડીના લીધે નગરજનો હાલ બેવડી ઋતુની અસર અનુભવી રહયા છે.

શહેરમાં શિયાળાની મોસમના અંતિમ તબક્કામાં વારંવાર મોસમનો મિજાજ બદલાય છે. ઉતરાયણ પુર્વે આકરી ઠંડીના લીધે નગરનુ જનજીવન સુન્ન પડી ગયુ હતુ. જયારે ઉતરાયણ બાદ ઠંડીનુ જોર ઘટતા દિવસની ગરમી આકરી બની હતી. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ તફાવત ઘટયો હતો. જયારે હવે ઠંડીનો પારો પણ ઉંચો આવતા અલબત્ત લઘુત્તમ તાપમાન ચાર થી પાંચ ડી ગ્રી વધતા શિયાળો વિદાય લઈ રહયો હોય તેવો અહેસાસ નગરજનો કરી રહયા છે. જો કે હજુ પણ ઠંડી પડવાની સંભાવના હવામાન તજજ્ઞો વ્યકત કરી રહયા છે. પરંતુ હાલ મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત જોવા મળતા નગરજનો બેવડી ઋતુનો અનુભવ કરી રહયા છે. રાત્રિના સમયે અન વહેલી સવારે ઠંડીની અસર વર્તાય છે. સાંજ ઢળતા જ વાતાવરણમાં ગુલાબી ઠંડીનો અહેસાસ થાય છે. પરંતુ દિવસના મહત્તમ તાપમાન વધવાની સાથે પારો ૩૦ ડી ગ્રી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓની જાહેરાત આજકાલમાં

ગાંધીનગર, તા.૨૧

બે જિલ્લા પંચાયત, ૧૩ તા.પં. અને ૭૫ જેટલી નગરપાલિકાની સામાન્ય ચૂટણીઓ યોજવા અંગેની વિધિવત ઘોષણા આજ કે કાલે રાજય ચૂંટણી પંચ દ્વારા કરી દેવામાં આવશે.

રાજયમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સંપન્ન થયા બાદ રાજકીય નિરીક્ષકોની નજર આ ચૂંટણીઓ પર અટકેલી છે. જો કે દર વખતની જેમ આ વખતે પણ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં રોટેશન અને મતવિસ્તારોના પુનઃગઠનને લઈ કાનૂની વિવાદો ઉભા જરૂર થયા છે પણ પંચ તેની કામગીરીમાં આગળ વધી રહ્યું હોવાનું પંચના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ફેબ્રુઆરી માસમાં આ સંસ્થાઓની મુદત પૂર્ણ થઈ રહી હોવાથી હવે વિલંબ રાજય ચૂંટણી પંચને પણ પોષાય તેમ નથી. આ માટેની તૈયારીમાં વેગ લાવવા માટે અને જિલ્લા કક્ષાએ જરુરી જગ્યાઓ ઉભી કરવાની સૂચનાઓ આપી દેવામાં આવી છે.

આ ચૂંટણીઓ પક્ષીય ધોરણે લડાતી હોવાથી બંને પક્ષો દ્વારા તે માટેની વ્યુહરચનાઓ તૈયાર કરી દેવામાં આવી છે તેમજ ઉમેદવારોની પસંદગી માટેની કામગીરી પણ આરંભી દેવામાં આવી છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે રાજયમાં હાલ ચાલી રહેલા વિવિધ આંદોલનો, ફેબ્રુઆરીમાં વિધાનસભાનું સત્ર સહિતના કારણોસર પોલિસ બળની ફાળવણી અંગે પંચ અને સરકાર વચ્ચે ચાલી રહેલી ચર્ચાને કારણે જાહેરાત વિલંબમાં પડી છે પણ હવે એક બે દિવસમાં આ અંગેની જાહેરાત કરી દેવામાં આવશે જ નહિ તો આ સંસ્થાઓમાં થોડા સમય માટે વહીવટદારની નિમણુંક કરવી પડે તેવી નોબત આવી શકે તેમ છે.

## બેસણું/સુંવાળુ



અમારા વાત્સલ્યમૂર્તિ સમાન પરમપૂજ્ય માતૃશ્રી **ગં.સ્વ. મહેતા કલાબેન રમણલાલ (તલોદ)** તા. ૧૪/૧/૧૮ને રવિવારના રોજ પરમ કૃપાળુ કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના ચરણોમાં લીન થયેલ છે. **સદ્દગતનું બેસણું તથા સુંવાળા તા. ૨૩/૧/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૯-૦૦ થી** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સેક્ટર-૨૩ની લગ્નવાડી, સ્વામીનારાયણ મંદિર પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર. મો. ૯૮૯૮૬૩૧૮૬૩, ૯૪૨૮૩ ૩૨૩૨૩**

લિ.

મહેતા જગદીશચંદ્ર કચરાલાલ
મહેતા ધર્મેન્દ્રકુમાર રમણલાલ
મહેતા મનિષકુમાર વાસુદેવભાઈ
મહેતા દશરથભાઈ નારણલાલ
મહેતા ગૌતમકુમાર વાસુદેવભાઈ
મહેતા નિરવકુમાર જશવંતલાલ
મહેતા કેતનકુમાર જગદીશચંદ્ર
મહેતા ચિરાગકુમાર જશવંતલાલ
મહેતા વિશ્વ ધર્મેન્દ્રકુમાર

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

**સ્વ. રસીકલાલ મહેતા તથા સ્વ. ગિરજાશંકર મહેતા પરિવાર**


"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

'રાજધાનીનાં રતન'

'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.

નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :

| | |
|---|---|
| ડૉ. ચેતના અ. બુચ<br>પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા.,<br>સેકટર-૨૦, ગાંધીનગર<br>મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮ | શ્રી હરેશ કે. ઠાકર<br>પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ,<br>જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭,<br>ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯ |
| મનોજ શુકલ<br>મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯ | રમેશ પટેલ<br>પ્રમુખ, 'સંસ્કૃતિ' સંસ્થા |

સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


## મતદારયાદીની સુધારણા-૨૦૧૮

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૮ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

**શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?**

**શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?**

**શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છે તે જ વિસ્તારમાં આપનું નામ છે ?**

### આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?

**તા. ૨૨-૧-૨૦૧૮ થી તા. ૧૨-૨-૨૦૧૮ સુધી મતદારયાદીનો મુસદ્દો**

- કલેક્ટર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપાલિટી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો. આ ઉપરાંત વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર પણ આપ આપના નામની ચકાસણી કરી શકશો.

### જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?**

- તા. ૧-૧-૨૦૧૮ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

### હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએ epic<space> આપનો મતદાન ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૮૫૧૧૧૯૯૮૯૯ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે. અને તે જ પ્રમાણે blo<space> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

### વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર (કામકાજના સમય દરમિયાન) સંપર્ક કરો

- **જૂના ઓળખકાર્ડને બદલે નવું કલર ફોટોગ્રાફ વાળું PVC ઓળખકાર્ડ મેળવો :**
- આપના જૂના ઓળખકાર્ડની જગ્યાએ નવું કલર ફોટોગ્રાફવાળું PVC ઓળખકાર્ડ મેળવવા ઈચ્છતા હોય તો આપના જિલ્લા / તાલુકાના મતદાર સહાયતા કેન્દ્ર તેમજ અધિકૃત સ્થળોએ ફક્ત કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન નિયત ફી રૂ. ૩૦/- ભરીને આપ મેળવી શકો છો. આ ઓળખકાર્ડ અધિકૃત કરવામાં આવેલ સ્થળોએથી જ મેળવવાનો આગ્રહ રાખો. આ ઓળખકાર્ડ મેળવવું ફરજીયાત નથી.
- **જો નવું ઓળખપત્ર નહીં લેવામાં આવે તો જૂનું ઓળખકાર્ડ પણ માન્ય રાખવામાં આવશે અને તેના દ્વારા પણ આપ ચૂંટણી વખતે મતદાન કરી શકશો.**

### યાદ રાખો

**એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.**

**અરજી કરવાની તારીખ : ૨૨-૧-૨૦૧૮ થી ૧૨-૨-૨૦૧૮ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી/૨૫૧૧/૧૭-૧૮ — મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com